આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

મુંઝવણ સાથે દોડવા કરતાં આત્મવિશ્વાસ સાથે ધીમે ધીમે ચાલવું સારૂં
- એસ.ભટ્ટાચાર્ય

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૮૮ | ૮ જૂન, ૨૦૧૪, રવિવાર; જેઠ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જિલ્લામાં ગરમીના પ્રકોપથી વધુ ત્રણના મોત

કલોલ તાલુકાના ધાનજ, નારદીપુર અને બોરીસણા વિસ્તારમાં બેઘર ભટકતા એક મહિલા સહિત ત્રણનો ગરમીએ ભોગ લીધો : અગાઉ પણ ગરમીની અગનજવાળા એક વ્યક્તિને ભરખી ગઈ હતી

ગાંધીનગર,તા.૭

સમગ્ર રાજયમાં ગરમી પ્રકોપે હાહાકાર મચાવ્યો છે. આકાશમાંથી વરસતી અગનજવાળાઓએ આમ નાગરિકોનું જનજીવન દોજક બનાવી દીધું છે. ગરમીના પારાએ દોટ લગાવતા મહત્તમ તાપમાન ૪૬ ડીગ્રી સુધી પણ આંબી ચૂક્યું છે. ગાંધીનગર જિલ્લામાં પણ ૪૫ ડીગ્રી સુધી વિક્રમી તાપમાન નોંધાયું છે. ગરમીના પરામાં નહીવત ચઢ-ઉતાર સાથે વાતાવરણમાં છેલ્લા ૧૦ દિવસથી ગરમી પ્રકોપનું જોર યથાવત છે. રાજયમાં અત્યાર સુધી જાનલેવા ગરમીએ ૧૦થી વધુ વ્યક્તિઓના ભોગ લીધા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આજે પણ સુર્યપ્રકોપના લીધે ગાંધીનગર જિલ્લામાં બેઘર ભટકતા એક મહિલા સહીત ત્રણ વ્યક્તિઓનું મોત નીપજયું હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે.

રાજયના વિવિધ શહેરોમાં ગરમીએ કાળો કેર વર્તાવ્યો છે. સુર્ય ઉગતા જ અંગ દઝાડતી ગરમીના લીધે સૌ આકુળ-વ્યાકુળ બની જાય છે. ગરમીના જોર સામે રક્ષણ મેળવવા નાગરિકો અનેક નુસ્ખાઓ અજમાવી રઝા છે. દિવસ દરમિયાન શહેરના માર્ગો પર ગરમીના લીધે અનોખો સન્નાટો જોવા મળે છે. આરોગ્યની દ્રષ્ટિએ પણ આકરી ગરમીમાં ઘરની બહાર નીકળવું જોખમી બની ગયું છે. આકાશમાંથી વરસતા અગનગોળાને લીધે અનેક વ્યક્તિઓ બીમારીઓની ઝપટે ચડ્યા છે. આવા સંજોગોમાં અબોલ પશુ પક્ષીઓ ઉપરાંત ઘર વિહોણા શ્રમજીવીઓની હાલત દિનપ્રતિદિન કફોડી બનતી જાય છે. જિલ્લામાં બેઘર ભટકતા ભિક્ષુકો અને શ્રમિકો ગમે ત્યારે આકરી ગરમીની લપેટમાં આવી જાય તેવી દહેશત પ્રબળ બની છે. ગરમીના ઉગ્ર મિજાજ વચ્ચે જિલ્લામાં બેઘર ભટકતા વધુ ત્રણ વ્યક્તિઓ હિટવેવનો ભોગ બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે. કલોલ

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : કશ્યપ નિમાવત)

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન
(માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારનું સ્વાયત્ત સંગઠન)
પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર
૭મો માળ, એમ.એસ. બીલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોનઃ ૦૭૯-૨૩૨૨૦૪૧૦, મોબાઈલઃ ૮૭૩૩૦૨૩૫૬૫, ફેક્સઃ ૦૭૯-૨૩૨૨૦૪૧૧
વેબસાઈટઃ www.niosgnr.org, ઈ-મેલઃ rcgandhinagar@nios.ac.in
(સીબીએસઈ/સીઆઈએસસીઈ સમકક્ષ ભારત સરકારનું પરીક્ષા બોર્ડ)
વિદ્યયમ્ સર્વધનં પ્રધાનમ્

ઘરે રહીને ધો.૧૦ અને ૧૨નું શિક્ષણ મેળવો

એપ્રિલ ૨૦૧૫માં પરીક્ષા
પ્રવેશ મેળવવાની છેલ્લી તા. ૩૧-૭-૨૦૧૪

પ્રવેશ યોગ્યતા			એડમીશન ફી*	ધોરણ-૧૦	ધોરણ-૧૨
કોર્સ	ઉંમર	યોગ્યતા	પુરૂષ	૧૩૫૦	૧૫૦૦
ધોરણ ૧૦	વર્ષ ૧૪	કોઇપણ પ્રમાણપત્ર વગર	સ્ત્રી	૧૧૦૦	૧૨૫૦
ધોરણ ૧૨	વર્ષ ૧૫	ધોરણ ૧૦ પાસ	એસ.સી./ એસ.ટી.વગેરે	૯૦૦	૯૭૫

*ઓનલાઈન અરજી માટે રૂ.૩૦/- તથા ઓફલાઈન અરજી માટે રૂ.૧૦૦/- અધિક ચૂકવવાના રહેશે. *૫ થી વધુ વિષય લેવા માટે વધારાની ફી આપવાની રહેશે.

મુખ્ય વિશેષતાઓ : પ્રવેશ પાંચ વર્ષ સુધી માન્ય • રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાનનું અભ્યાસ કેન્દ્ર પસંદ કરવાની સ્વતંત્રતા • વિષયોની પસંદગી • ક્રેડીટ સ્થાનાંતર (પસંદગી પામેલા માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી બે વિષય સુધી પાસ અને એનઆઈઓસમાંથી ચાર વિષય પાસ) • ક્રેડીટ સંચય • જ્યારે તમે ઈચ્છો ત્યારે અભ્યાસ અને પરીક્ષા

વધુ માહિતી તથા પ્રવેશ માટે અમારા નીચે દર્શાવેલ નજીકના એનઆઇઓએસનાં અભ્યાસ કેન્દ્રની મુલાકાત લો

અમદાવાદ: નવરંગપુરા-૯૪૨૭૩૧૨૩૯૮, મીઝાંપુર-૦૭૯૨૫૫૦૭૦૮૯, ૯૪૨૬૩૨૬૩૪૪, રખિયાલ-૯૮૯૮૧૦૭૮૧૨, મણીનગર-૮૦૦૦૨૫૮૭૨૭, વાડજ-૦૭૯-૨૭૬૪૪૪૮૯, ધોળકા-૯૪૨૯૦૧૬૦૦૫, ૯૪૨૬૮૭૩૩૮૯, અમરેલી-૯૯૦૯૯૧૦૮૭૭, આણંદ-૦૨૬૯૯-૨૮૬૬૧૬, બનાસકાંઠા-૦૨૭૪૨-૨૨૨૨૨૦, ભરૂચ-૯૯૨૫૮૯૭૫૪૮, ૦૨૬૪૬-૨૫૨૪૦૦, ૯૨૨૭૭૮૦૫૩૦, ભાવનગર-૯૮૨૫૨૭૭૨૫૦, કાંગ-૯૪૨૬૬૭૦૭૪૦, દાહોદ-૯૭૩૭૯૪૦૪૨૪, ૯૩૨૬૮૮૦૧૬૬,ગાંધીનગર-૯૮૨૪૦૧૨૦૮૯, ૯૧૭૩૧૯૮૧૮૧, ૦૨૭૬૪-૨૪૮૦૦૫, ગીર-સોમનાથ-૯૮૭૬૪૨૫૨૭૪, જામનગર-૯૯૭૬૩૮૯૪૭૩, ૦૨૮૬૨-૨૬૨૧૫૮, ૯૮૭૬૯૫૩૭૩૫, ૯૪૨૭૭૭૪૪૫૪, કચ્છ-૯૬૧૩૦૫૬૮૮૮, ૯૮૭૬૧૫૯૭૫૫, ૦૨૮૩૮-૨૮૭૨૭૧, ૯૮૭૬૨૦૩૫૮૬, ૦૨૮૩૬-૨૨૦૬૫૩, મહેસાણા-૦૨૭૬૩-૨૨૨૬૧૨, ૯૮૨૫૩૨૨૬૧૨, ૯૬૨૪૦૭૦૬૫૬ કડી-૮૭૩૫૬૬૩૪૧૨, નવસારી-૦૨૬૩૭-૨૨૬૨૧૩, ૯૦૬૯૫૧૫૯૫૮, પંચમહાલ-૦૨૬૭૫-૨૩૭૫૨૮, ૯૯૨૪૫૮૭૦૬૮, પાટણ-૦૨૬૬૬-૨૨૧૮૬૪, ૯૪૨૮૭૫૩૩૧૦, ૦૨૭૬૬-૨૮૭૬૨૪, ૯૯૦૯૯૨૬૫૫૧, પોરબંદર-૦૨૮૬૨૨૪૬૫૦૨, ૯૮૭૬૪૯૨૧૩૩, રાજકોટ-૯૪૨૭૨૫૫૦૮૩, ગોંડલ-૮૪૦૧૮૧૮૬૧ સાબરકાંઠા-૯૪૨૮૨૧૧૧૧૩, સુરત-૦૨૬૧-૨૮૪૦૬૫૯, ૯૮૨૪૧૩૫૬૪૩,૦૨૬૧-૨૭૮૪૩૯૪, ૦૨૬૧-૨૨૭૨૭૮૧, ૯૯૨૫૧૧૦૦૦૯, ૦૨૬૨૨-૨૬૩૨૦૬, ૯૭૨૭૭૩૨૬૨૬, ૯૩૭૪૬૩૩૦૪૨, સુરેન્દ્રનગર-૦૨૭૫૨-૨૨૫૬૪૭, ૦૨૭૫૪-૨૮૨૬૩૧, ૯૫૬૧૭૭૩૮૨૩, ૦૨૭૫૨-૨૬૦૩૩૯, ૮૮૬૧૬૦૮૬૬, વડોદરા-૦૨૬૫-૨૬૮૦૦૬૮, ૦૨૬૫-૨૬૫૫૪૫૫, ૯૮૨૫૭૬૭૫૯૫, ૦૨૬૫-૨૫૬૨૭૬૯, વલસાડ-૯૨૨૭૮૫૬૨૨૨, ૯૪૨૬૮૮૧૧૧૪, ૦૨૬૦-૨૬૬૦૩૬૨, ૯૦૬૬૦૧૨૬૪૩, દાહોદ-૯૪૨૬૭૩૩૮૬

વિદ્યાર્થી NIOSની વેબસાઇટ www.nios.ac.in પરથી 24x7 પ્રવેશ મેળવી શકે છે. પ્રવેશ પહેલા માહિતી પુસ્તિકા જરૂરથી વાંચો. (મૂલ્ય રૂ.૫૦/-)

અનઅધિકૃત સંસ્થા તથા એજન્ટ દ્વારા પ્રવેશ મેળવશો નહિં

ઓનલાઈન પ્રવેશ, વિષય, ફી, પોગ્રામ, એનઆઈઓએસ અભ્યાસ કેન્દ્ર, માહિતી પુસ્તિકા અને અરજીપત્રક વગેરે અંગે વધુ માહિતી માટે આપના ક્ષેત્રીય કેન્દ્રની વેબસાઈટની મુલાકાત લો અથવા ઈ-મેલ અથવા ફોનથી સંપર્ક કરો. આપ એનઆઈઓએસ વેબસાઈટઃ www.nios.ac.inની મુલાકાત લઈ શકો છો અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૧૮૦-૯૩૯૩ પર સંપર્ક કરો.

નામાંકીત શાળાઓ/સંસ્થાઓ એનઆઇઓએસના અભ્યાસ કેન્દ્ર/સુવિધા કેન્દ્ર બનવા માટે આવકાર્ય છે.

વિશ્વની સૌથી મોટી મુક્ત વિદ્યાલયી શિક્ષણ પ્રણાલી !!

ગાંધીનગર મેડીકલ કોલેજનું ગૌરવશાળી કદમ

પી.જી. સમકક્ષ અભ્યાસક્રમ માટે ૧૭મીએ ઈન્સ્પેકશન માટે આવતી ઈન્સ્પેકશન ટીમ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મેડીકલ કોલજમાં નવા શૈક્ષણિક સત્રથી પી.જી.ને સમકક્ષ અભ્યાસક્રમ શરૂ થશે તેવા સ્પષ્ટ સંકેતો આજે મળ્યા છે.

ગાંધીનગર મેડીકલ કોલેજે ચાર જેટલા ડિપ્લોમાં અભ્યાસક્રમો શરૂ કરવા ડિપ્લોમા નેશનલ બોર્ડ સમક્ષ અરજી કરી હતી અને તે પૈકી ઓપ્થેલમોલોજીના અભ્યાસક્રમ માટે ૧૭મી જુનના રોજ બોર્ડની એક ટીમ ઈન્સ્પેકશન માટે આવી રહી છે.

મળતી વિગતો મુજબ ચાર અભ્યાસક્રમોની મંજૂરી માંગી હોવાથી ચારેય અભ્યાસક્રમો માટે અલગ અલગ ઈન્સ્પેકશન આવશે. જેમાં ગાંધીનગર કોલેજનું કેમ્પસ, દર્દીઓની સંખ્યા, હોસ્પિટલની સુવિધા સહિતની બાબતો અંગે તપાસ કરી અને પોતાનો અહેવાલ નેશનલ બોર્ડને આપશે જેને આ બોર્ડ મંજૂરી આપતાં અભ્યાસક્રમ શરુ થશે. ૧૭મીએ આવનારા સૂચિત ઈન્સ્પેકશન અંગે કોલેજ સત્તાવાળાએ તડામાર તૈયારીઓ પણ આરંભી દીધી છે.

ગાંધીનગર કોલેજને આ ઈન્સ્પેકશન પછી એક માસના ગાળામાં જ અભ્યાસક્રમની મંજૂરી મળી જશે તેવો વિશ્વાસ કોલેજ સત્તાવાળાઓ ધરાવે છે.

મળતી વિગતો પ્રમાણે આ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે રાષ્ટ્રીય સ્તરે એન્ટ્રસ એકઝામ લેવામાં આવે છે આ અભ્યાસક્રમ પી.જી. સમકક્ષ

● અનુસંધાન પાન-૭ પર

Education For Freedom
SAHJANAND SCHOOL OF ACHIEVER Trust
Since 2007
Std : 11th & 12th (Guj./Eng. Medium)
SARGASAN

આપની કારકીર્દિ ઘડતર માટે આપ સૌએ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર (સરગાસણ)ની કરેલ પસંદગી માટે આપ સૌનું અભિવાદન અને ધન્યવાદ.
આપ સૌએ અમારા તરફ દર્શાવેલ અહોભાવ અને શ્રધ્ધાને અમો સાચી ઠેરવશું જ એવી પરમતત્વની કરૂણા માટે અમો આશ્વસ્થ છીએ.

આપ સૌનું સ્વાગત....! સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના આંગણે ઉતરી આવેલા ઝગમગતા તારલાઓ

99 થી વધુ પર્સન્ટાઇલ વાળા 69 વિદ્યાર્થીઓએ ધોરણ-11 માટે સહજાનંદ સ્કુલ ઓફ એચિવરની પસંદગી કરી.

95 થી વધુ પર્સન્ટાઇલ વાળા 270 વિદ્યાર્થીઓએ ધોરણ-11 માટે સહજાનંદ સ્કુલ ઓફ એચિવરની પસંદગી કરી.